અક્કલનો ઓથમીર

અથવા

ગામડીઓ ગમાર

(હાસ્યરસથી ભરપુર વાર્તા.)

લેખક:—

સ્વ૦ મણિલાલ એન ઘોડાવાળા.

પ્રકાશક,

"ગુજરાતી" સાહિત્ય મંદિર.

જેકીશનદાસ ત્રિભુવનદાસ પટેલ.

સલાબતપુરા—સુરત

આવૃત્તિ ૨ જી ૧૯૨૪ પ્રત ૨૦૦૦

કીંમત ચાર આના.

મા ૧૧.

શ્રી ગણેશાયનમઃ

અક્કલનો ઓથમીર

અથવા

ગામડીયો ગમાર.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

આહ ! અમે તો જરૂર મુમ્બઇ જઇશું !

બંદરની પાસે બારડોલી તાલુકાના મોતા ગામમાં, ધનાભાઇ કરીને એક કણબી રહેતો હતો. ગામના સૈ લોક તેને ધનાપટેલ કહી બોલાવતા. ધનાપટેલ ઉમરે ત્રીશ વર્ષના, બાંધી દડીના શરીર વાળા એક કદાવર જુવાન હતા. સંતતીમાં આપણા ધનાભાઇને એક પુત્ર અને એક પુત્રી હતાં. પુત્રને સૈ કોઇ દીઆળના નામથી બોલાવતા, અને પુત્રીને અરખીના નામથી ઓળખતા દીઆળની ઉમ્મર સાતથી આઠ વર્ષની હતી, અને અરખી ચાર વર્ષની હતી. બન્ને બાળકોની માતાનું નામ જમના હતું. જેને ગામલોક તરફથી પટલણનો ખિતાબ આપવામાં આવ્યો હતો, જેથી ગામના નાના મોટા સૈ

તેને પટલણુ કહીનેજ બોલાવતા. જમના પટલણુની ઉમ્મર, સત્તા-વીસથી અઠ્ઠાવીસ વર્ષની હતી. શરીર જરા શ્યામ, પણ ચહેરો દેખાડવો હતો. વળી ગામડીયો સંસાર ગબડાવવાની બુદ્ધિ સારી હતી. જેથી તેઓ આખા ગામમાં પંકાઇ રહ્યાં હતાં. ધનાપટેલ બાપુકો ધંધો ધમધોકાર ચલાવી રહ્યા હતા. તેમ તે ચલાવવા તેઓની પાસે સાધન પણ પુરતું હતું. ધનાભાઇ પાસે પોણોસોથી સો વીઘા સુધી બાપોતી જમીન. ચાર જોડ સારા મજબુત બળદો અને ગાયો ભેંસોનો સારો જથો હતો. તેમજ નોકર ચાકર વીગેરેનો પણ સારો જોગ હતો.

આપણા ધનાભાઇ ગામડીઆ ગામના પ્રમાણમાં બહુ સારી સ્થીતીવાળા તરીકે મોતા ગામમાં પંકાઇ રહ્યા હતા. ફક્ત અફસોસ અને ગમગીનીની વાત તો એજ છે કે બિચારાને બુદ્ધિ સાથે બારમા ચંદ્રમાનો જોગ હતો. પોતે બુદ્ધિમાં બુડથલ, દેખાવે બાહુક જેવા બીહામણા, લથરપથર? ગમારનો પહેલો નંબર ધરાવતા. તેઓએ તેમની આ ત્રીશ વર્ષની જીંદગીમાં મુસાફરી કરી હશે? તો ફક્ત મોતાથી બારડોલી સુધીજ? તે પણ વળી કદી કોઇ કાર્યનો પ્રસંગ આવે તો વર્ષ બે વર્ષે એકાદ વખત આપણા ધનાભાઇ બારડોલી જાય ત્યાંથી પણ ભડકી? ભડકી? અડધા થઇ વીલે મોઢે ઘેર આવે, અને જમના પટલણુ પાસે આંસુ લુછાવે. આટલી બધી બુદ્ધિની બલીહારી છે છતાં ધન્યવાદ તો આપણા ધનાભાઇને એજ આપવાનો છે કે એવે જડ? જડ? અને આપમત કરવાના કામમાં એક એક્કો લહેરાવી રહ્યા છે.

આ બુડથલ? બબુચકના હાથમાં જો સંસારની લગામ આવી હોત તો ધનાભાઇએ ક્યારનુંએ ધબાએનમાં, બનાવી દીધું હોત. પરંતુ

દૈવયોગે, પૂર્વના સંયોગે પટલણુ સારા મળ્યા હતા એટલે ધનાભાઇની જમાલ ધમધોકાર ચાલી રહી હતી.

જમના પટલણુ સ્વભાવે શાન્ત, વિવેકી, અને વિચારશીલ, મતલબ જેટલા બુદ્ધિશાળી અને ખેતીવાડીના કાર્યમાં કુશળ હતા. એટલે ધનાભાઇનું ગાલ્લું ધમધમાટ ચાલી રહ્યું હતું.

દીઆળ નિશાળે ભણવા જતો અને અરખી માતાની મીઠી નજરે ખેલવા-કુદવાનો ધંધો કરતી,

એ પ્રમાણે આપણા ધનાભાઇનું નાનકડું કુટુંબ મોતા ગામમા મોજ કરી રહ્યું છે. એવામાં અચાનક ભાગ્ય દેવી આડી ઉતરી બિચારી જમના પટલણનો સુખ સુર્ય વિપદ વાદળમાં સપડાયો.

એક દીવસ રાત્રે સાડા નવેકને સુમારે આપણા ધનાભાઇ પરસાળમા ચોરા ઉપર ઢાળેલા ઢોલીઆપર બેઠા બેઠા મોટા રણસીંગડા જેવડો બીડો મોઢામાં ઘાલી ધુમાડાના ગોટેગોટ ઉડાવી રહ્યા છે. બાજુમાં બીજા ઢોલીયાપર બેઠા બેઠા જમના પટલણુ તપખીરના સબડકા તાણી રહ્યા છે. દીઆળ અને અરખી માતાની ગોદમાં ભરાઇ ઘસઘસાટ ઉંઘી રહ્યા છે, પટેલે બીડો મોઢામાંથી કાઢી હાથમાં ઉંચો ઝાલી ટહૂકારો કર્યો ?

પટેલ—હં ! મહુ હાંભરો કે ?

પટલણુ—હં ! અં ! ઓંવ ! તીઆરે કંઇ બેરા ? બેરા છીએ હુ ?

પટેલ—એમ કે ! તીઆરે જો હાંભર ! હું ! તો અવે મુમ્બઇ જવાનો ! શું છમજી.

પટલણુ—હેં ? હું કયું ! મુમ્બઇ ? જવા દો ! જવા દો ! ભાનભાના એ મુમ્બઇ ? મુમ્બઇમાં આપડે હાર ! હું કામ છે ! એ છછરીના ?

મુમ્બઈના વેહની–તમને કાં ખબર છે? હતો હાડું બનમ્બેઝનું આવે તીને મુમ્બઈ! બીજાને તો હરી મુછીબત?

પટેલ—મુછીબત વરી હાની? આપડા ગોપારીઓ તંબ ઉની? શું છમજી?

પટલણ—તે ગોપારની વહુએજ મને વાત કરી' કે કાકીજી! ખરૂ હારૂ મુમ્બઈ! હારૂ કંઈની હારૂ! ગોજુ' ગોજુ! ને ગંદુગાર! હારૂ નાહી! નાહી! કોઠરીઓમાં રેવાનું! રાંધણી પણ તેજ! ને નાવણી પણ તેજ ને હારૂ' હુવાનુ પણ તેજ' હારૂ અકરૂં? ને મુઝરાઈ જવાય! સુતું એ મુમ્બઈ! આપડે નામ જઈએ બા! વરી તમને ખબર છે? હાઉ! મુમ્બઈ ગામમાં વાડાનુ તો નામજ નીમલે' ને કુવો તો કયો કોઈ ધરમકરા! ધરમકરામાં ઓય તીયાં બાકી તો બંબામાંથી હુંચુક' હુંચુક! કલાકબખ પાણી આવે! તીમાંથી હુંડાએ ભરી લેવાનું! એ હારી મુછીબત નો? તીઆરે શું?

પટેલ—જા! જા! હારી ગાંડી' એવુ તે હોય! મુમ્બઈ એતો બઉ મુમ્બઈજ છે? હેલા માસ્તરને તે આજેજ મેં નૂઝપેપર વાંચતે! બઉ મુમ્બઈ જેવું નથી. તેની હારની જીંદગી રદ છે? શું, છમજી? આપડે પણ હવે નીછેય કરૂ કે બઉ મુમ્બઈ તો જવુંજ?

પટલણ—નીછેય તો કરૂ? પણ એ બેલ ખોટો! આપણુંને પસંદ નથી. હારૂ! એકતો તમારો છભાવ ઓલીગો? વરી કોઈ દીવસ' ગોતા ગામના પાદર બાર નીકરેલા નઈ! ને આમ ઉસ ઉસ! ને ભુસ! મુમ્બઈ જવા તીઆર થાઓ! એ હારૂ ગમાર જેવું નહતો બીજું શું!

પટેલ—હાહરી ? તું તો અફ ડંખ થેઇ ગયને છું ? હારી છ મમ્મઇ જવા નીકયરો ? તીઆરે કેતી છે ? અમારુ જેવું ? હારીને વીઆણુ જવું ઓય તો ઝટ ચાલવા માંડે ? આ ખરો ઇન્છાપ ? આ હાભરવું ઓયતો હાંભરી લે ? આપડે તો જરૂર મમ્માઇ જઠહું ? હું છમજી ?

એ પ્રમાણે ટપોટપી આપણા મનાભાઇની પરસાળમાં ચાલી રહી છે. એવામાં અચાનક બારણું ખખડ્યું અને એક બાવીશ વર્ષનો જુવાન. કેમ ? પટેલકાકા ? કરતો અંદર ઘુસ્યો.

આવરે પોયાં ? મોરીયા અતીયારે ક્યાથી ભૂલો પડ્યો ?

મોરીયો—અરે ! નહીરે ! પટેલકાકા ? એતો જરા છનીમા હુબગને ને ગયેલો ? પાછા ફરતા તમારી પરસાળમાં દીવો બરતો જોયો ? હાર વીચાર કયો કે ચાલો જરા પટેલકાકાને છલામ ભરી આવીએ ?

પટેલ—મારો હા...ગ ? પાકો ઉસ્તાદ ? ખગ ટાંકણુએ આવી પોંહચો ! ઠીક ? તહીને હાભર પોયો મોરીઆ ? અવે તો તારા પટેલ કાકા મમ્માઇ જવાના ? હું છમજો ?

મોરીઓ—જાઓ ? જાઓ ? પટેલકાકા ? ગરીબ માણહની મહકરી હું કરતા ઓહો ? તમારે વરી હું દુઃખ છે ? કે મમ્મઇ જાઓ ?

પટેલ—હત ! છોકરા ! ગધેડા ! હારા જીને દુખ ઓય ? તેજ મમ્મઇ જવા ઓહે-કેમ ? છોકરો ! અમમમાઇ ! હારો ? મમ્મઇ નાટાલ ! અનુબાગ બધે ફરી આઇવા પણ હારો ચીરોને ચીરોજ ? ને હાંભર !

આઉ તને છેક્કાજ શબ્દો કઉં છું ! બઉ આપડે તો અંબ જવુઈ મમ્મઇ જવાના? હું છમજ્જો!

મોરીઓ—તમે કીયું તે અકછરે અકછર છમજ્જો! પણ એ કાકા આ કાકી કેમ આમ ઉદાછ થઇને બેઠા છે ?

પટેલ—એ હારી મમ્મઇનીજ મોંકણ તો! એ કે નથી જવું ને મારે બઉ જવું !! હું છમજ્જો ?

પટલણ—તમારે તો બઉ જવું ! છે કાંઇ બીજી ફીકર! ઉછ-આરીની જાત ની મલે ને બિછારા મમ્મઇ જવા નીકઇરા છે ?

છમજાવ ? છમજ્જાવ ? હારા ? મોરીયા ? તારા કાકાને ! મુમ્મઇ જેવા મોટા ગામમાં ગમાર જેવા કયાંએ ગોથા ખાઇ જહે ?

મોરીઓ—હાંભરૂ કે કાકા ? આ કાકી હું કેતી છે ! ગમાર જેવા. તે હારી વાતે હાચી : એવા મોટા ગામમાં તમને અકરામણ થીઆ વગર તો રેજ નહિ ?

પટેલ—હત હરામખોર ? હારા મુરખ કેથેનો ? હહરા ? તું પણ અઇરા કે તે હાચુ માનતો છે ? આઠ દાડા જોવા જીએ તેમાં હું અક-ગામણ થવાની ઉતી. હારૂ ! જરા ફરી આવીહું? હેલ કરી આવીહું?

મોરીયો—હેલ તો ખરી ! પણ એ હારો જરા વેહ વહમો તો ખરો ? તમે મોતા ગામ મુકી બાર ની નીકરેલા ને એકદમ ઉગ્યા મગ્ય ? ને ભૂછડેતેકને મમ્મઇ જવા નીકરી પડો ? તે હારૂ વખતે ભડકી ? બડકી જાઓ તીઆરે હું વેહ થાય. ? કેમ કાકી બોલ્યલા વઇ ? જરા ટાપછી પૂરો. ?

પટલણ—હોવે ? જોની મોરીયા આની ગાંડી ઘેલી વાતો કરે છે? આ બિચારા મુમ્મઇના છપાટામાં ઉડી જાય કે નહિ? કે? જોઉ? મોરીયા ઉડી જાય કે નહિ ?

મોરીયો—અરે બછ તોબા કરો કાકી ? એમના તે તેં શું બાર કાધડા ? એ હારૂ ? મગ્મઇ જવું તે રમત બમત છે શું ? નીરિ બાઇ ની? આપડી ધાનતો કંઇ બેછતી નથી? એ... છમજ્જે ? પટેલ કાકા છમજ્જી જ્જ્ઞો ?—મુમ્મઇ જવાનું રેવા દો ? ચાલો મારી હાથે કાસે છુરત ? જુઓ તો ખરા છેલ ?

પટેલ—અરે ચલરે ? અજમભાઇ ? તારા છુરતની એછી ! તેછી ? છાતવાર ? છું છમજ્જે ?

બછ અમે તો જરૂર મગ્મઇ જઇછું.

આપણા ધનાભાઇના છેલ્લા કડાકાની સાથે બિચારો મોરીયો હજામતો ચુપાચુપ પસાર થઇ ગયો. જમના પટલણ પણ ધબોધબ બારણા ઢાંકી, દીવા ધબાએનમાઃ કરી ઢોલીયા ઉપર મૂંગે મોઢે સુઇ ગયા. તેઓ પોતે પણ ગુસ્સામાંને ગુસ્સામાં નિંદ્રા દેવીને આધિન થયા.

પ્રકરણ ૨ જું.

છાબાછ ! માછતર છાએલ છાબાછ !

પ્રિય વાંચક, થયું બીજા દીવસનું પ્રભાત, અને આવી બિચારી જમના પટલણની કમબખ્તી આપણી જમના પટલણ દાતણ આદી સ્તાન સંધ્યા કરી, ઢોરો વીગેરેની બ્યવસ્થાથી પરવાર્યાં, ત્યારે આસરે આઠેકને સુમારે આપણા ધનાભાઇ આળસ મરડી પથારીમાં બેઠા થયા તંબાકુ પાનાનો ટોપલો ખોળામાં લઇ, ખાસ્સો મઝાનો આંગળ આઠેક

સાંખ્યો અને એક ઠીચ જાડો બનાવ્યો ઉપર દેવતાનો અંગારો મુકી સળગાવ્યો ધુમાડાના ગોટા ઉડાવતા ધનાભાઇ પાદરે જવા ઉપડયા.

અહિં જમના પલટણે દાતણ વીગેરેની સવડ કરી એટલામાં તો પટેલ આવી પહોંચ્યા દાતણ મોઢામાં નાખી મોઢું ઝોડું ચાવી બે લસરકા આમ? બે લસરકા તેમ લાગાવી લઇ ધાડ્યો કરી ફેકી મર્યાં મોઢું ધોઇ બોલી ઉઠયા!

ધનાભાઇ–કેમરે! પટલણુ! પછી મમ્મઇનો વિચાર કઇરો?

પટલણુ બઇરૂં મુમ્મઇ? ને મુવો તમારો વીચાર હારા તમે તો દાડે દાડે છેક ગાંડા થતા જતા છેઓ? તો શું નીતો! બેઠાની છાનામાના! નીતો હારૂ કંઇનું કંઇ થઇ બેઠછે?

ધનાભાઇ–હારી ફાટી કે શું? હહરી! તું શું કેતી છે? આ આઝ જવાના! અમેતો આજે છાંજેજ મમ્મઇ જવાના! શું છમજી?

પટલણુ—હેં? શું કહ્યું? આજે છાંજે!

ધનાભાઇ–? હોવે: આજે છાંજે! છે કંઇ છવાલ? બોલી દે જોઉં? તું શું કેવા માગતી છે?

પટલણુ–હારા તમે તે કંઇ ચકટોર જેવા છેઓ કે શું? જડકા જેવા? હારા કંઇ છમજો નઇને માથા શુ ફોડાવીઆ કરતાં છેઓ!

ધનાભાઇ–એ હહરી! છમજની પુછડી! છીધો જવાબ નીઆલે! ને હારી બકબક શું કરતી છે! બઉ અવે બલાછ! શું છમજી! આજ છાંજના જયા વીના કોણ હારો રીએ છે! બોલ શું કેતી છે?

પટલણુ–થાકી બાપ હું તો તમારાથી! હવે તો બે હાથ જોડી કેમ શું જે છમજો! માથાની ફોડાવીઆ કરો! ઉ તમારે પગે પડું.

ધનાભાઇ—તો હારી ઉકા કમ છેમ! તું હહરી મારે પગે પડે! તો ઉ આખોને આખો તારે માથે પડું એમ શું! શું છમજી!

પટલણ—ક્યાર તમારૂં! રોવડા જેવા?

ધનાભાઇ—હરી! ફીચાર કાબારની છતાણીઆ કરે ને તારા બાપનું ખાધુ છે હું? તે હહરો મારી પાછે કંઇ માંગતો ખાંગતો છે હું? હારી—અમથુડી ઝાલીને અશરીજ લાખા?

આ પ્રમણે પ્રભાતના પહોરમાં આપણા ધનાભાઇને ખુમો પાડતા સાંભળી તેઓના કેશવભાઇ આવી પહોંચ્યાં પટલણ ત્યાંથી ખસી રાંધણી તરફ ગયાં. ધનાભાઇએ કેશવભાઇને આવકાર કરી બેસાડયાં.

કેશવભાઇ કોણ છે? તે આપણે અત્રે ખુલાસો કરવો જોઇએ. કેશવભાઇ ધનાભાઇના સગાભાઇ થાએ છે પરશોતમ પટેલે પોતાના મરતું વખતે બન્ને છોકરાઓના હીસ્સા જુદા કરી આપ્યા હતા જેથી તેઓના મરણ બાદ કેશવભાઇ અને ધનાભાઇ પોત પોતાના કુટુંબોનો જુદોજ વહેવાર ચલાવતા આપણા કેશવભાઇએ બેસતાની સાથેજ રોકડો સવાલ કર્યો,?

કેશવભાઇ—કેમરે? અહલા ધનીઆ? ફીઆર ફીઆરનો શું બખાળા લાખ્યા કરતો છે?

ધનાભાઇ—કમ નમરે કેછવભાવ! એતો હારૂ અમથુ છેજ? મેં હારાએ આજે છાંજે મમ્મઇ જવાનો વીચાર કઇરો! ઘરમાંથી હામી ના કેતી છે? આપણો સવભાવ જરા ગરમ! અને તાજીછ શીએલો! એટલે હારી તકરાર થઇ ગઇ? શું છમજ્યા?

કેશવભાઇ—ઓય—તારી હાયને.....ઉ? મારો છ—છ—રો...તું તો કંઇ કંઇ મનસુબા ઉડાવતો દેહું નહું? હારો ગમાર! તારે હરી તે હું કામ છે હહરા ગધેડા?

ધનાભાઇ—અરે હેલ કરવા જતોહેમ? હેલ કરવા! શું છમજ્યાં કેછવભાઇ એ તો હારી છેય નાગને માથે ખીલી ઠોકઇ મઇ ! ધનાભાઇ આજે છાંજે મમ્મઇ જવાના, શું છમજ્યા.

કેશવભાઇ—કપાળ હકરા તારૂ હારા એમ ઉંચ મુચને ભુલ તે વરી મુમ્મઇ જવાનું ઓહે કે આપડા ગોપારને કાગર લખ પછી જ નીતો એવડા મોટા ગામમાં કંઇ આથડહે હકરા બેછની છાનો માનો ? બે દીવછ રેહને ગીયા.

ધનાભાઇ—છીર પટકી મરો જઓ તો શું થયું અવે આ ધનાભાઇ છબ્દ ફેરવે ! અરે શું વાત કરો છો હારૂ પરથમી માં છેકજ અંધારૂ વરી ગીયું કે હું ! અજુ જાણુતાની ઓવ કે ધનાભાઇ જો ધારહે તેજ કરહે, શું છમજ્યા.

કેશવભાઇ—હમજ્યા મારા દાદા હંધુએ હમજ્યા હારો જડછા જેવો નાહલા પોયાંની પેઠે જકક લે છે ! તે છોડતોજ નથી. હારા ખુબ આદ રાખજે કે હેલા જહી પાડા જેવી ગત થવાની.

ધનાભાઇ—જે મછવરે ધારી ઓહે તે થહે ? બી ગીયા હું ? કેછવભાઇ ? એતો માથા મુકવાના કામ છે, છીર જાય કે લાપછી ખાય.

કેશવભાઇ—કટોલા ખાય તીઆરે ! હારા ! વરી ઉંધુ કરે તો ઉંધુજ થાય.

એ પ્રમાણે બન્ને ભાઇઓની તડાતડી ચાલી રહી છે એવામાં રાંધણીમાં ઘુસેલા પટલાણ હાથમાં ચાના બે કપ લઇ બહાર આવ્યા. બન્ને ભાઇઓ પાસે એક એક ગોડવી દુર ખસી ઉભા રહયાં કેશવભાઇએ કપમાંથી થોડી ચા રકાબીમાં કાઢી ઠંડી થવા મુકી સવાલ કર્યો.

કેશવભાઇ—જમના ? આ છોરો ? ધનો વરો શું કેમ છે? છોરો આજે શાંજે મમ્માઇ જવા વિચાર કરેને હું ?

પઠલણ—ઓવે ? મોટાભાઇ જુવોને ? કાઇ છાંજ છાંજના એમજ માથા ફેરાવીયા કરતા છે ? ઉંતો હારી હમજાવી હમજાવીને થાકી એમની ધીયાનમાંજ ની ઉતરતુ ! ઉં હારી કેતી છેમ જે તમે ઓપારભાયને કાગર લખો ? પછી જાઓ તો તે તમને છામો લેવા આવે. નીતો એવડા મોટાં ગામમાં ધમને હું હમજ પડે ? કાં ? જોઉં ? મોટા ભાઇ ! હું હમજ પડે ?

કેશવભાઇ—કપાર હવરાનું ! હારો અખુચક જેવો નો છે ! હારો જડહા જેવો છમજે નઇને છકમ મારવા જતો છે ! હારા હમજ ? આ બધા કેતા છે તે તારા મનને વાછ કાપતાં છે હું ?

ધનાભાઇ—હંધાએ વાછ કાપો કે જુંવાર હારો ? બંનેએ તો વાલ વાડો ! તેની છાથે મારે શું છંબંધ ! અછ અંદા તો આજે છાંજેજ ઉપડી જવાના ! શું છમજ્યા ।

આ પ્રમાણે ધનાભાઇની ધમાલ ચાલી રહી છે એટલામાં નિશાળના માસ્તર જેઓને ત્યાં આપણા ધનાભાઇએ ન્યુસપેપર સાંભળ્યું છે. તેજ માસ્તર નરભેરામ ત્યાં આવી પહોંચ્યા. આપણા માસ્તર નરભેરામ જરા ભણેલા તેમજ દેશ પરદેશની મુસાફરી કરેલી એટલે હુશીયાર અને પટાબાજ તરીકે પંકાતા. વળી આંટી ઘુંટીની બાબતોમાં દરેકને તોડ પીખી આપતા એટલે ગામના સૌ લોકને તે વ્હાલા અને પ્યારા પ્યારા થઇ પડયા હતા. આપણા માસ્તર નરભેરામ ઘરમાં ઘૂસ્યા કે બન્ને ભાઇઓ બોલી ઉઠયા. આવો માછતર છાહેબ ! પધારો!

બેઠો ! બેઠો ! કહી કેશવભાઇએ તકીયો ગોઠવી આપ્યો. માસ્તર સાહેબ તકીયે બીરાજમાન થયા કે જમના પટલાણે ચાનો કપ લાવી ગોઠવી દીધો.

પ્રિય વાંચક હવે તો આપણા ધનાભાઇના ઘરમાં એક નાનકડી મીજલસ જેવો દેખાવ થઇ રહયો. ત્રણે જણા ચાની રકાબીઓ હાથમાં લઇ સુસવાડા અને ફુંફાડા સાથે ગટકાવવા મંડયા.

જમના પટલણે સુડી અને સોપારી લાવી હાજર કર્યાં. કેશવભાઇ સોપારીનો ચુરો કરી સર્વ ભાઇઓને વહેંચવા મંડયા. ધનાભાઇએ પણ વ્હેલા વ્હેલા પરવારી જઇ એક ખાસો મઝાનો મોટો બીડો વાળી વિવેક કર્યો.

ધનાભાઇ—લો, માસ્તર છાએબ ? બીડી તાણો !

માસ્તર—ઓ બાપરે... આવડી મોટી બીડી ! તોબા ! તોબા ! આપણાથી તો નહિ પીવાય.

(વચમાંજ કેશવભાઇ ચીડાઇ બોલી ઉઠયા.)

કેશવભાઇ—હત ? છછરા ગમાર ? હાના ગધેડા ! માસ્તર તે વરી એવડી મોટી બીડી તાણી હકે કે ? છમને તો બછ આમ કેવી નાલ્લી હરખી ! લવંગીઆ બીડી જોઇએ ! લાવ ! લાવ ! હારા ! હું વારી આપતો છેમ ?

માસ્તર—તો શું યાર ? કેશવભાઇ ? આપણા ધનાભાઇનું કામ જરા જંગલી જેવું તો ખરૂં !

કેશવભાઈ—તો હું ! હારો જડહા જેવો ! કાલ છાંજ ! છાંજનો મુઆઇ જવાનેજ માથા ફોડાવીઆ કરતો છે ! વરી આજે છાંજેજ જવાનું કેતો છે ! એ હહરાનું થાય હું !

માસ્તર—અરે વળી એમ તે કંઇ મુંબઇ જવાતું હશે કે! સમજો! ધનાભાઇ સમજો! કાગળ બાગળ લખ્યા પછી જજો નહિ તો ખાલી ખરાબ થઇ જશો! ખબર વિના તમો અજાણ્યા ત્યાં ક્યાં અથડાશો? બોલો જોઉં? તમો મુંબઇ જશો? ને ક્યા સ્ટેશને ઉતરશો?

ધનાભાઇ—મુમ્બઇના ટેશણે ઉતરા? હાઉ એટલુ પણ ભુલી જવાનો કે? હું માછતર તમે પણ એ બધાની હાથે મારી મછકરી ઉડાવતા છેઓ!

કેશવભાઇ—તોરહુ? હારા તારા બાપનું? મમ્મઇનું વરી ટેશણુજ કાં છે? હહરા! તેં તો ચલ્લીરોટનું ટેશણ છે? ચલ્લીરોટનું? કેમ માછતર છાએબ'

માસ્તર—જીહા! સ્ટેશન તો ઘણા છે. પણ આપણો ગોપાળ ભુલેશ્વર લતામાં રહે છે એટલે ચર્નીરોડ ઉતરવું ઠીક પડે.

ધનાભાઇ—ઠીક છે! આપણે પણ તેં ચલ્લીગેટ ઉતરહું? હું જમજ! જવાના તો આજે છાંજે!

કેશવભાઇ—હા? માછતર? આ હારાનું હું કરીએ? એ હહરો? માનતો ની...ને મારો જીવ તો ઉથલ પાથલ થઇ જતો છે? હારો બઇરઇ ઉંટ જેવો? તેં કેથો રવડી જતો રેવાનો છે?

માસ્તર—અરે એમ ગભરાઇ શું જાઓ છો? એનો પણ રસ્તો કાઢીએ? એમાં શું મોટી વાત છે?

રસ્તો કાઢવાની વાત આવી એટલે તો આપણા ધનાભાઇ ખુશી ખુશાલી સાથે પોકારી ઉઠ્યા!

છાબાછ ? છાબાછ ? માછતર છાએબ ? છાબાછ ?
રાઘખો છે રંગ ! છુ છમજા ?

હમજાઓ ? હમજાઓ ? હારા જડહાઓને ? હારા ઘર ફુકડાઓ ?

માસ્તર—જુઓ ? સાભળો કેશવભાઇ ? એમને આજે સાંજેજ જવું હોય ? તો ભલે જવા દયો ? તમે ગોપાળને તાર કરી દયો—કે તે સવારે ચર્નીરોડ સ્ટેશને આવી ઉતરી જશે. હજુ ટાઇમ ઘણો છે. જો ફરમાવો તો હું તાર ને માટે ગોઠવણ કરૂં ? આપ એમના બાથા વીગેરેની સવડ કરો પછી છે કાંઇ વાધો ?

પ્રિય વાંચક, આવો સદ્દાઇ ભર્યો તોડ સાંભળી દરેક જણ ખુશી ખુશી થઇ ગયા, કેશવભાઇએ માસ્તર સાહેબને ઠેંકસ આપી ? જમના પટલાણે ઓવારણા લઇ કડાકા ફોડયા ? આપણા ધનાભાઇ તો ઠેકડો મારી માસ્તરની છેક નજીક આવી બે હાથે ધબોધબ માસ્તરના વાંસાપર આશીર્વાદો ધબકાવવા મંડયા.

છાબાછ ? માછતર છાએબ ? છાબાછ.

—»»«« —

પ્રકરણ ૩ જું.

———•———

એ હારા શાળા ! તેં હંભારજે ! !

આટલી બધી ઠિંકસોના વચ્ચે આપણા માસ્તર નરભેરામ તારને માટે સવડ કરવા ચાલ્યા ગયા. કેશવભાઇએ બે ચાર દુબળાઓને આ

બાજુ, પેલી બાજુ દોડાવ્યા. જમના પટલણે રાંધણીમાં ધમાલ મચાવી મુકી. ધનાભાઇ પણ ખુશી ખુશી થતા, મલકાતા મુખે, બોખારાની સાથે ધુમાડાંના ગોટા ઉડાવતા! ઓટલા ઉપર આવી પહોંચ્યા ? સામેથી મોરીયા હજામને આવતો જોઇ પોકારી ઉઠયા,

એ આવજોભાઇ ! અમે તો અવે મમ્મઈ જઇશું ! શુ છમજ્જે !!

મોરીયો—એ છલામ ! પટેલકાકા !

પટેલ—આવ ? પોર્યા બેછીજા ? માથું મુડાવવું છે ?

મોરીયો—અરે કાકા ? આજતો બુધવાર થીઓ ? તમારૂં તો રૈવારે મુડવાનું !

પટેલ—તીમાહું ! હારો જાણુતોની ઓય—કે આ તારો કાકો આજે છાંજે—મમ્મઇ જવાનો છે !

મોરીયો—હં એમ છે ! આજે છાંજનુંજ નકકી થીઉં ? ચાલો ? તીઆરે તો આપડો હંગાથ થવાનો.

પટેલ—કેમ પોર્યા તું પણ મમ્મઇ આવતો છેહું ?

મોરીયો—નઇરે કાકા ? ઉંતો હુરત જવાનો છેમ ?

પટેલ—તેં હંગાથ કાનો હારા ગધેડા ? ઉંતો મમ્મઇ જવાનો છેમ ? હું છમજ્જે ?

મોરીયો—હા હા મુમ્મઇ ? પણ તે હુરત વગર કે રીયા જાહો.

પટેલ—એમ છે કાર ? ચાલો તેં હાથે જહું ! હું છમજ્જે ?
આપણો ગોરયો પાણી લાવી પેઠી જમાવી બેસી ગયો.

મોરીયો—ચાલો પટેલ કાકા બેસી જાઓ.

પટેલ—બેહુ તો ખરો પણ અજામત એવી બને કે આમ કટ્ટક છેલ જેવી ! હુ છમજ્જે ? બચ્ચા મોરીયા હજામત એવી બને કે બાછ આમ તરીમ વરાક હું છમજ્જે.

મોરીઓ—અરે તમે બેઠી તો જાઓ પછી જુઓ છપારો.

ધનાબાઇ પલાઠી વાળી, પગપર ટટકો પાથરી, હાથમાં આરસી લઇ મોરીયાની સામે ગોઠવાઇ ગયા. મોરીયાએ દાઢી ઝાલી સટાસટ બોલાવતા સવાલ કર્યો ?

મોરીઓ—કાકા ? તીઆરે તમે તો હારૂ આજે કાંકે મુમ્બાઇ જવાનાં કેમ !

પટેલ—હા. હા, મમ્બઇ જવાના !

મોરીઓ—ઠીક ! પણ તેં હંબારજો ! એ હારૂ કે મોતા કે બારડોલી નથી. તેં તો હારૂ બાઇ માણુહજ માણુહજ—ને બોડા ગાડી તો ગણતા બાકી જીએ એટલી; વરી તમે તેંના ગાલ્લા જોઇનેજ અકી પડહો ! હારા બરદીયા પણ કંઇ નીહારા ! ને એ કાકા ? હેલા નગર હીંગડાના પાડાની ખુબ હંભાર રાખજો ! નીતો મુકાજ ઉડી જહે ?

પટેલ—હેં અપલા—વરીએ હુ કેનો છે ? નગર હીંગડાના પાડા ? હારા મે તો કોઇ દાડે જોયાએ નથી ને હાંભરાએ નથી. હું છમજ્જો ? બારાછમ ? તારે મરે આવ !

મોરીઓ—નીકઉરા છે કાકા ? અમણાંજ જરકારે કાયડા છે ? તમને હું ખબર છે ? વરી હારાને કોણ જાણે હું પાછને દોડાવવા છે કે બેંબૂં કરતા આહા ! પેલીઇા ધુમીવાજ કરે ? આપણુને તો જોઇને ચકરી આવી જાય ?

પટેલ—હારો બીકણુ ? હકરા એવું જોય તીઆરે તો એવા અક્કડ થઇને ઉભા રીએ ! કે હારી ચકરી હું આવી જાય ? ઉનો બીલ ! કંઇ, નઇ ! હારાની હામેજ થઇ જાઉં ! હું છમજ્જે ? બારા છમ ? તારે મરે આવ ?

મોરીચો—અરે ભુકા ઉડી જાય કાકા ? એ બધી તમારી છદ્દમ ની ચાલે ઝાઝું કરો તો હેલા ટોપીવારા ધપ્પા મારે ચાર–ને પાઘડુ બાંધડુ ગબડાલી દે ? વરી કાકા ? પાડાનું નામ હાંબયરૂ. નામ ?

પટેલ—નહી ભાય ? હારાનું વરી નામ પણ પડ્યું છે હું—

મોરીચો—ઓવે ? ઓવે ! હારા તીને મોટાકાર કેતા છે. હમજાકે કાકા.

પટેલ—અરે ગમે તેવો મોટાકાર ઓય તો હું થીઉં–? હારા જે જેની ઉતો છવારી જુદા કરા ? હારાના કાન ઝાલતો કને છડી બેહા ? ધુ છમજે ? તારાછમ તારે ગરે આથ ?

મોરીચો—કાન ઓય તીયારે ને–હારો બધેથી બોડોબટ જેવો આવતો છે, છરકાર કંઇ કાચી નથી તો ભાય એવું કંઇ રાકખુ ઓય–તો તો બધાજ છડી બેહે પણ–તાં તો બધું છાફ કલીન છે. નીમરે કાન કે નીમરે હીંગડા ને હારાને પુછડું પણ નઇ ? જોઓ એતો તો કાકા ? તો ઉતો હારો પુંછડેજ ટીંગઇ જતે ??

લ્યો આ અજામત બની ગેઇ ? તપાછો ! છે આમ છાફ–કલીન –! લી.........સુ લપાટ જેવું.

પટેલે માથે અને દાઢીએ હાથ ફેરવ્યો !

પટેલ—વાહ છાબાછ ! દોછ ખરેખરી બની ગેઇ ! આતો હારી મમ્મદનીજ અજામત ! જોતો ખરો પોર્યા ! આ ગાલ હું તકતકે ! હારી દાઢી તો લપક ! લપક થીયા કરતી છે ! નેએ આ અંઇ તો આથ ફેરવીજો ! ધનાભાઇએ મોરીયાનો હાથ ઝાલી માથા ઉપર ફેરવાવ્યો, મારો હા...રો ? ઉંછીઆર ! ઉછતાદ ! કારીગર ઉછતાદ ! ઇમાંતો છક નીભાય !

આ સાંભળી હજામભાઇની ચસકી! મોરીયો કુલાયો! ઠાવકો ચહેરો રાખી બોલી ઉઠયો!

મોરીયો—અરે કાકા! ફજવાદીની હું વાત કરો છો! ધનુજી બાગની બીચમાં અચ્છા અચ્છા છાકુકારોને મુંડી લાઇબા! પણ હજરાનું કીમ્મતજ કૈંની હાર છે. નીતો આ મોરીયાભાઇ બે પઇમાં દાઢી બોડતે. ઠેન! ફેંટ લ્યો જલામ!

પટેલ—ઓઇ મારો છોકરો અનરેજી લલકારતો દેહુને હું? અલ્યા પણે તું આવહે કીઆરે?

મોરીયો—આપ કો તીઆરે આઉં? ફરમાવો હુકમ?

પટેલ—બરોબર છાઠા બારે આવ! વાદરની વચમાં છુરીનારાણ થાય તીઆરે હું જમજો!

સલામ ભરી મોરીયો રવાના થઇ ગયો આપણા ધનાભાઇ પણ ઉઠી, પાછળ નાવણી તરફ ચાલતા થયા. નાઢી ધોઇ પરવારી રાધણીમાં ઘુસ્યા. પટલણની ધમાલ જોઇ ચીડાયા.

પટેલ—આ હું બધી ધમાલ કરી મુકી છે! હાદરી વારે ઘેર કંઇ તાડી હીરી બાડી હીરી આવી ગેઇ હું! કંઇ પાપડ તરી કાઇડા છે! ઠેબરાની ચોકને ચોક ભીંજી દીધી છે! એ હાર બધું છે હું! હું જમજી.

પટલણ—ઓય શું! મોઇણ મારી! હારા ચગડોર જેવા? ખબર ની ઓય કે બંને મમ્મઇ જવું છે! બાથા વગર ખાહો હું!

પટેલ—માર ભાગુ છે! હાં! કરો ચોકછ લાવો બાણુ પીહરો?

પટલણે ભાણુ પીરસી. તઇયાર કરી પટેલ પાસે ગોઠવી દીધું. પટેલ ખાઇ હાથ ધોઇ ઓડકાર ખાતા. આગળ પરસાળમાં આવી પહોંચ્યા. એટલે કેશવભાઇ બુમા બુમ કરતા ઘરમાં ઘૂસ્યા.

કેશવભાઇ–કેમરે ? અઇલા ધનીયા ? આહા પેલીહા ફરીના કરે તે કંઇ જઇમો બઇમો કે હારા બોચડા ?

પટેલ—ઓઇઆં…હું છમના ? હુંગડાં પેરતાજવાર ?

કેશવભાઇ—ઠીક બઉ હારૂ ? કંઇ બાથુ બાથુ બાઇધું ?

(એટલે જમના પટલણ બોલી ઉઠયા).

જમના—મોટાભાઇ હું તેજ કરતી છેમ ! જુઓ આ ઢેબરા કઇરા છે ! પાપડ હંધાનો ચુરો કરી લાઇખો છે ! ગોર પાપડીમા થી પણ ઘણું બધું લાઇખું છે. હોંકે મોટાભાઇ ! આહે બીચારા ખાહે ! વરી આથણા પણ બાંધની છેમ !

કેશવભાઇ—ઠીક, ઠીક, ! વેલાહર તીયાર કરો વેરા થવા આવો છે !

એટલામાં તો આપણા મોરાયાભાઇ એ–ચું બોલતા જોડા–પ્હેરી આવી પહોંચ્યા–મોરીયાનો રોફ જોઇ કેશવભાઇ બોલી ઉઠયા.

ઇ……ગેલ્લે ! મારોછછ.. રો ! કંઇ ખુબ રોપમાં શરતો દેહુને હું ? કયે જતો છેહું પોર્યા !

મોરીયો—કેછવ કાકા ઉ મુંબઇ જનો છેમ ?

કેશવભાઇ–ચાલો તીયારે તો છનર "આનાને બે પંદ ઉપર–? જો હાંભર પોર્યા આ તારા ધનાકાકા. મુમ્બઇ જતા છે ! તીને હાથે રાખજે–ને હુરતથી હેલી ગાડીમાં વારે બેહાડી દેજે નીતો એ હારો તો રામા જેવો છે ?

મોરીયો—તેટલા હોછતી તો આઇવો છેમ ? બરાબર ચોક્ક બેહાડી દેવા. ચાલો અવે તાકીદ કરો ? ટેમ થવા આવી છે.

આપણા ધનાભાઇએ કપડાં પહેરવા માંડયાં. રેશમી કોરનું ધોતીયું દોટીની કસોવાલી બંડી ? ઉપર દોટીનુંજ બદન તે ઉપર નાનકલાકનો અંગરખો ચઢાવ્યો પાઘડી હાથમાં લઇ સાફસુફ કરી માથે ગોઠવી આરસીમાં જોઇ આ બાજુ પેલી બાજુ ફેરવી પણ કંઇ મન માન્યું નહી એટલે ધનાભાઇએ પાઘડીને ધીકકાર આપવા માંડયો.

ધનાભાઈ—હારી આજે વરી તને હું વાયું થીયું છે ! હહરી કીયારની મથાવીઆ કરતી છે ! અમણાંહી ઝાલીને અફારીજ લાખ્યા

પાઘડી બીચારી બ્હી ગઇ. એકદમ ડપ દઇને માથા સાથે ચોંટી ગઇ. ધનાભાઇ ખુશી ખુશી થતાં ઉઠી ઉભા થયા. બારણા પાસે આવી જેવો જોડામા પગ વાલ્યો કે કેશવભાઇ ખીજાઇ જઇ બોલી ઉઠયા.

કેશવભાઇ–મેર છછરા ગધેડા હારા–બબુચક આવા જોડા પેરીને તે હારૂં મમ્મઇ જવાતું હોહે કે હારા કાડી લાખ કાડી લાખ.

ધનાભાઇ–તીઆરે પેરૂં હું ! છછરો હુંપર ! આપીની ગીગો તે હહરા મોચાને તો પાણીતું ટીપું નીઓય તા વાડ઼ાંતા જોઇએ. હું છમજા. હારાએ બધો છવાદ બગાડી લાઇખો !

કેશવભાઇ–અરે હું એમ બી ગયો ! હારૂ ! એમ તે હું કંઇ છેકજ છતીયાનાછ વરી ગયું છે હું જાનો પોયા પેમલા દોડતો દાકરા આપડે ઘેર તારી કાકીને કીયે કે હેલો કાલે નવો જોડો તેલ પાઇ અડારીમાં મુઇકો છે તે આપોતો.

પેમલો ઉતાવળો ઉતાવળો ચાલતો થયો; એટલે કેશવભાઇએ ધના-ભાઇને શીખામણ દેવા માંડી.

જો જે હારા તે હંભારજે ગાડામાં ઉંઘતો નઇ નીતો કંઇનો કંઇ તણાઇ જહે ! એતો હારી ગાડીનું કામ રાત ને દાડો ચાલીયાજ કરે વળી કોથરો હાંચવજે ?

પેમલો જોડા લઇ આવી પહોંચ્યો. વ્હેલા વ્હેલા કેશવભાઇએ હાથમાં લઇ ધનાભાઇના પગ પાસે ગોઠવી દીધા. ધનાભાઇએ માંડ પગ ઘાલ્યો અને મોઢું કટાણું કરી પાછો ખેંચી લીધો. કેશવભાઇ બોલી ઉઠયા.

કેમ ! કેમ ! હું થીઉં ભાય ?

ધનાભાઇ—હારો જરા નડતો છે હુછમજ

કેશવભાઇ—તીમાં એમ બાયલા જેવો બી હું ગીયો ' દાબી દુબીને ઠકેલી ઘાલ. એતો ધીરે રેઇને બન બેહતું આવી રેંહે '

કેશવભાઇના કહેવા પ્રમાણે ધનાભાઇએ જોર કરી જોડા ચડાવ્યા સૌ બારણે આવ્યા. પેમલા દુબળાએ સરસામાનનો કોથળો માફામાં મુકી દીધો ધનાભાઇ સૌને આવજો હાચવજો વગેરે શબ્દો કહેતા માફામાં બીરાજમાન થયા. મોરીયો પણ ગોઠવાઇ ગયો.

એ આવજો ! સૌને બોલાવજો ! કાગર બાગર ! લખજો વીગેરે અનેક તરાહની કોલાહલ વચ્ચે પેમલા દુબળાએ માફો ચાલતો કર્યો. ઘનન-ઘનન ઘુઘરા ખખડાવતા બળદો ચાલતા થયા એટલે કેશવ-ભાઇએ મોટેથી ધનાભાઇને ભલામણ કરી.

એ હારા રાભા ! તેં હભારજે !!

પ્રકરણ ૪ થું.

એ છલામ પટેલકાકા ! આવજો !

પ્રિય વાંચક, એ જાય પેલો જાય કરતાં માફો પાદર બહાર નીકળી ગયો. પેમલા દુબળાએ ગોધાને લલકારી લેવા માંડયા. પટેલ અને મોરીયો વાતે વળગ્યા.

પટેલ—પોર્યા મોરીયા ! એ હાર મમ્મઇ બઉ વખાણાતુ છે તે કેવુંક છે.

મોરીયો—અરે કાકા હું વાત કરં બઉ જાણે પરમેહરનો તેનું છરગજતાનજ છમજો ' બારે મોટુ ભપકા વારૂં ગામ જો જો તો ખરા બધુ જોઇ જોઇને તમને તો હારી ભડક પેછી જછે ! ભડક !

પટેલ—જા ! જા ! હારા હું તે કંઇ એવો બાહલો છેમ જેહા-રીને પેછવા દર્ ભારી આવે કે ઝાલીને અફારીજ લાખુ ' છું છમજો !

મોરીયો—એ તો તઇ પેંછહો તીઆરેજ ખબડ પડહે ' હારૂં અકરઇ અકરઇને ગુંગરઇ જવાય ! ઉંહારા અકરઇને ભાયગો ને કે તરી માનુ મમ્મઇ પંચરો હત્ત તેરીકી હારૂ કંઇની હારૂ !

પટેલ—બેછ બેછ હારા ડોબા ! મમ્મઇ ! એતો બઉ મમ્મઇજ છે ! છું છમજો !

એમ અટર પટર વાતોના સપાટામાં બારડોલીનું સ્ટેશન આવી પહોંચ્યું. પેમલા દુબળાએ માફો ઉભો રાખ્યો. ધનાભાઇ અને મોરીયો ઉતરી પડયા. પેમલાએ બળદોને છોડી માફાના પૈડા સાથે બાંધી દઇ

માથે કોથળો ઉપાડી લીધો. ત્રણે જણા સ્ટેશન ઉપર આવ્યા. મોરીયાએ ટીકીટો લીધી. દરવાજે કપાવી અંદર ઘુસ્યા—ગાડીનો વખત ભરાઇ ગયો હતો. પેસેન્જરોની ધમાલ વચ્ચે ગોટા ઉડાવતી ગાડી. સુસવાટા બોલાવતી સ્ટેશન ઉપર આવી ઉભી રહી. પેસેન્જરોની ચઢ ઉતર સરૂ થઇ. આપણા મોરીયાએ પણ ધનાભાઇ સાથે કોથળો લઇ એક ખાનામાં ઘુસી જઇ બારણું બંધ કર્યું ?

ગરમ ચેવડા ! સુરતની બરફી ! ગુલાબજાંબુ ? સકરપાળે ચાઇ ગરમ ? પાનની પટટી લાલમલાલ ! બ્રાહ્મણીયા પાણી તલ્લક બીડી !

વીગેરે અવાજોના પોકાર વચ્ચે ટન ટન. ટન. ટન. ઘંટાનો શ્રોત્રકર્ણ ગોચર થયો. સીટ સીટ સીટીની સાથે ગાડી ચાલતી થઇ ! આપણા ધનાભાઇ સવડ કરી પ્લાટ ફોર્મ ઉપર પાઘડી બાજુમાં રાખી બેસી ગયા. ખાસો મઝાનો બીડો વાળી સળગાવી ધુમાડાના ગોટા ઉડાવતા બોલી ઉઠયા !

પટેલ—જોયું પોયરી ! આપણુ છંચા કેવા બનાઇવા છે. હારૂની જોઇએ ઘોડું કે ની જોઇએ ગધેડું ચાવી ચડાવી કે બછ સુરરરર... સપ દેતું ચાઇલું ! હુ છમજો !

મોરીયો—તો હું હારૂ એ કાકા આપડી ગાલ્લીનુ અંજીર કઇ ચાવી આપ્યાનું નથી, કમાં તો હારા કોલછા બારીને દોડાવતા છે.

પટેલ—હં એમજ દેહુ મોરીયા આપડી રેકડીને કની હાથે મેલી ઓય તો હું વેલ થાય કોણ છરત જીતે.

મોરીયો—અરે રેકડી એકડાના ભૂકા ઊડી જાય. ને એછનારના બાર વાગી જાએ કાકા જોજો જડહા જેવા કોઇ દાડો એવું કરતા નીતો પરછો તમ દાદાને પાણી પાવાં પોંકી જહો.

એ પ્રમાણે ઠાઠ ઠીઠીમાં ચલથાણુ સ્ટેશન આવી પહોંચ્યું ગાડી થોભી પડી એટલે ધનાભાઇ બોલી ઉઠયા.

પટેલ—કેમ કેમ હારી આ આમ ડચક ડચક ચાલવા માંડી ? કંઇ ખીલી ખીલી નીકરી ગઇ કે હું—જોતો પોર્યા.

મોરીયો—અરે નઇરે કાકા ! એતો ચલથાણનુ ટેછીન આઇવું ! અંઇ પાછી હારી ઉભી રેતી છે તો !

પટેલ—હં તીમાંજ ઉતો હારો જાણું—કે કઇ આંક બાંક ભાંઇગીયો કે હું છું છમજો

એટલે તો સરરરરરરરર......દેતી ગાડી ચાલતી થઇ. કેમ કેમ આ હારી નાઠી હેલુ ઝાડ દેખી બડકી કે હું જોતો પોર્યા.

મોરીયો—હારા તમે તો છેક ડફોર જેવાજ દેહુ બેઠા તીયાંરના હારા ગાંડા જેવાજ થઇ ગીયા છો. બાર એટલામાંજ આમ બાવરા બની ગીયા છો. તો તો મમ્મઇમાં તમારા હુ વેહ થહે કાકા ડાચુ વલ્લુ થેઇ જતું રેવાનું છે.

પટેલ—અરે હું વલ્લુ થૈ જાય હારાને એતું જોરથી બીડી રાખુ કે બસ દુછમન માફક હું છમજો.

મોરીયો—તે તો તાંજ ખબર પડહે તો—! પાછા આવછો તીવારે સલામ કરહું

પટેલ—હં ! પોર્યા મોરીયા. આ હંધા લોકો વાતો કરતા છે કે મમ્મઇ—ગામમાં વાડાનું તો નામજ ની મળે, તીઆરે હારા ઢોર કંઇ ચરતા ઓહે ઢોર

મોરીયો—હત તમારીકી......મુમ્મઇના ઢોર તે વરી ગાહ ચરતા ઓહેકે અરે એતો હહરા આમ કેવું કેવું ખાઇ !

એમ ગપ્પામાંને ગપ્પામાં ગાડી ઠેઠ સુરત સ્ટેશનની નજીક આવી પહોંચી. મીલોના ભુંગળાં અને મોટું ટાવર દેખાવવા માંડયું–આગલી વતી મીલનું ભુંગળુ બતાવી ધનાભાઇ બોલ્યા.

પટેલ–અધધધ......બાપ...એહે...લ્લુ ઉંચુ ! ઉંચુ ને ઘોરૂ ! ઘોરૂ ! હું દેખાતું છે !

મોરીયો–(સુટીડોડી) એજ હુરત એટલી પણ ખબર ની દેહું–જઓ–જઓ પટેલકાકા તમે તો છેક ગદ્ધા જેવા છો !

પટેલ—કેમ હારાં ફાઇટા કે હું હારા ગપ્પો તારો બાપ હહરા બને હું ખબર કે હારૂ હુરત આવું છે આતો હારૂ ઉંચુ ઉંચુ ને લાંબુ તુરીયા જેવું છે આવું હુરત આતો કંઇની હારૂ ! ધ-તેતેરીકી છું છમજો એટલે તો ધરૂરૂરૂરૂ........કરતી ગાડી સુરત સ્ટેશન ઉપર આવી–ઉભી રહી મજુર! મજુર! શેઠ મજુર ! એ હરીલાલ આ બાજુ વીગેરે અનેક તરાહની કોલહલ મચી રહી મોરીયાએ પટેલને કહયું ?

મોરીયો—એ કાકા ? હુરત આઇવું !

પટેલ—એમ લે તીયારે આ પાઘડી ઝાલ ! હું બેઉની ઉઘણુ કરી કોથરો ઉપાડી લનો છેંમ. હુ છમજો !

મોરીયો—ના. હુકામ મજુર કરી લેહુ ! ચાર પઇહા ઉરાડી નાખહુ !

પટેલ—નઇરે ભાય અ–હ કેશવભાઇએ કહ્યેલું તેમજ કરવાનો

મોરીયો—ઠીક ભલે લાવો.

એ પ્રમાણે પાઘડી મોરીયાને આપી. માથે કોથરો ઉપાડી–ધનાભાઇ ચાલતા થયા. ધીરે ધીરે ધક્કા ખાતું સરઘસતાન દાદરો ઉતરી

દરવાજા ઉપર આવી. પહોંચ્યું-માસ્તરને ફસોમાં બાંધેલી ટીકીટ-બતાવી આપણા ધનાભાઇ બોલ્યા !

એ છલામ. માષ્તર છાએબ ! અમે તો મમ્બઇ જત્તા છીએ ! હું છમજા ! આ પોર્યા પાછે પાવડી છે-તે મારી-છે માથાપરના કોથરામાં ડેબરા ' તરેલા પાપડનો ચુરો ' ગોર પાપડી ને બે ચાર જાતના આથણાં છે ! બોલો હું વીચાર છે ! છોડું ! નાછતો કરવો છે.

માસ્તર એકદમ ચીડાઇ ગયા.

ઓ સુ ડેમ રાસકલ

કહી એક ધક્કો માર્યો 'એટલે ગપ દઇ આપણા ધનાભાઇ દરવાજા બ્હાર નીકળી ગયા. મોરીયો પણ ટીકીટ આપી પાછળ સરકી આવ્યો.

ધીરે ધીરે ધનાભાઇને કુવા પાસે લાવી કોથળો ઉતરાવી મોરીયો બોલી ઉઠયો ?

મોરીયો-એ કાકા ! લાવો લોટો હું પ્રાણી ભરી લાઉં-તમે જરા નાછતો બાછતો કરી લો પેલી હારી અમણા આવી પોચહે ?

પટલે મોરીયાના કહેવા મુજબ લોટો કાઢી આપ્યો. મોરીયો લોટો લઇ-ચાલતો થયો. એટલે ધનાભાઇએ નાસ્તાના બે ભાણા તૈયાર કર્યાં-મોરીયો આવી પહોંચ્યો બન્ને જણા નાસ્તો કરવા બેસી ગયા.

આપણા ધનાભાઇએ ઉતાવળને લીધે ઢેબરાને ભાંગ્યા વગરજ આખુને આખુ કાંસીકુસી મોઢામા ધકેલી દેવા માંડ્યું મોરીયો પણ વખાણી વખાણી ગોળ પાપડી. ગપાગપ ગટકાવવા મંડયો. એટલામાં ટન ટન-ટન-ટન-ઘટાનો અવાજ સંભળાયો મોરીયો બોલી ઉઠયો.

એ કાકા ઉતાવર કરો હેલી આવી પોંચી.

પટેલે એકદમ હાથ ધોઇ નાંખ્યા. મોરીયો પટેલની રહેલી ગોરપા
પડી ગલોફામાં ઘાલી લેટો લઇ ચાલતો થયો. ઉપર ધુધવાડા
બોલાવતી ગાડી આવી ઉભી રહી. મોરીયાને ગોળપાપડી ચાવતાવાર
થઇ એટલે ધનાભાઇનો ગભરાટની સાથે બકબકાટ ચાલુ થયો.

પટેલ—એ હારો ગીઓ કંઇ ? હહરો રવડાવી મારહે કે હુ !
છે હારાનુ અજુ—ઠેકાણું ' ઓ તારૂં છતીયાનાછ થાયરે મોરીયા
આહારા હયાં વહડી ચાઇલા! ઉંછેલ્લો જવા તે બેહાઓ કંઇ !
એથીયું હુ—હહરીનો કેથે માથુ મુડવા બેછી ગયો કે હુ ?

એટલામાં ટનટન, ટન.ટટન ફરી ઘંટો વાગ્યો અને સામેની
મોરીયો દેખાયો આવી પહોંચ્યો એટલે તુરત ધનાભાઇએ વધાવવા

એહારા ગબરડી કાડ ' ગબરડી! હારી ચાલી જતી છે! હાંફલો
હાંફલો મોરીયો આવી પહોંચ્યો એટલે તુરત ધનાભાઇએ વધાવવાનું માંડયો.

કંઇ ગેયલો હારા ગદ્ધા ! હેલા તારી દાદી કીયારની આવીને
ઉભી રઇ એ. તે છરમ રાખવાની ઓહે કે ! હહરા કેટલા ઘંટા
વાઇગા હારા બેરો હુડા ચાલ ઉતાવરો નીતે રેહ જવાનો-હું છમજ્જે !

મોરીયો—પાઝ લેવા ગીએલોરે કાકા ! ધરો તો હારો પાંચ
મીલે લેટનો થીયો ! ચાલો ચાલો, જલદી કરો તમોને બેછાડી દઉં.

ઉતાવળા ઉતાવળા બંનેજણા દરવાજા નજીક આવી પહોંચ્યા—
ટીકીટ બતાવી બન્ને પગથીએ દાદર ચહડી ઉપર આવ્યા. એક
ઉઘાડા બારણાવાળા ખાનામાં ધનાભાઇને બેસાડી મોરીએ બારણું
બંધ કર્યું સીટ સીટ, સીટીની સાથે એન્જીનનો વીશલ થયો અને
ગાડી ચાલતી થઈ-મોરીયાએ પટેલને સલામ ભરી.

એ સલામ પટેલ કાકા આવજો !

પ્રકરણ ૫ મું.

હત તારા પરમેહરની ! કંઇની હારે.

પ્રિય વાંચક, પવનવેગે ગાડી સુરતનું સ્ટેશન છોડી પસાર થઇ ગઇ. મોરીયો ટગર, ટગર જોતો વીલે મોઢે પાછો ફર્યો. આપણા ધનાભાઇ મુંબઇ તરફ ચાલવા માંડયા.

ધનામાઇના કમ્પાર્ટમેન્ટમાં તેઓ સાથે ફકત ત્રણજ પેસેનજરો હતા. જેમા એક ચરોતર જીલ્લાના પાટીદાર ગ્રહસ્થ મોહનલાલ અને બીજા તેઓના મિત્ર ભૂલાભાઇ હતા. ભુલાભાઇ પણ પાટીદાર જ્ઞાતીના એક એજ્યુકેટેડ-જુવાન હતા. આ બંને પાટીદાર ગ્રિહસ્થો જ્ઞાતિ. અભિમાન સારૂ ધરાવતા-ભાઇઓની જીંદગી સુધારવા તેઓએ એક પાટીદાર સુધારક સમાજ સ્થાપી હતી. જેમાં પ્રમુખસ્થાન અને સેક્રેટરીનો હોદો આપણા મોહનલાલ ભોગવતા.

આ બાજુ ધનાભાઇ તો બેઠા ત્યારના હાથજોડ ખોળામા રાખી -એકીટસે બત્તીની સામે ટગર ટગર જોઇ રહ્યા છે.

આ નવા મેકરના માણસને જોઇ આપણા મોહનલાલ અને ભુલાભાઇ વીચારમાં પડી ગયા. ઝટ ફેંસલો લાવવા મોહનલાલે ધનાભાઇને પ્રશ્ન કર્યો ?

મોહનલાલ—ભાઇ આપનુ નામ શું કયાં પધારો છો.

ધનાભાઇ—મારૂ નામ ધનો અને મમ્મઇ જતા છીએ ભાય

મોહનલાલ—ઠીક ભલે કયાં ઉતરવાના છો ?

ધનાભાઇ—એ હારૂ તૈંજ તો હેતુ હુ કેવાતું છે ચહ્રી ગેહ્ર-ચહ્લીગેટ.

મોહનલાલ અને ભુલાભાઇ હસી પડયા વધારે જાણુવાની જીજ્ઞાસાથી મોહનલાલ ફરી ધનાભાઇને સવાલ કર્યો

મોહનલાલ—ઠીક ત્યારે તો આપણો સંગાથ છે. વારૂ મુંબઇ શા માટે પધારા છો કયાંના રહીશ છો ન્યાતે કેવા છો.

ધનાભાઇ—ઓ બાપરે હારૂ આટલુ બધું લાંબુ લપછીંદર જેવું પુછો તે ઉ હારો ગામડીયો હી રીતે જવાબ આલુ તમે તો માછતર છેઓ ને ઉતો હારો ગામડીયો છેમ હુ છમજા જે એક એક પુછો તો વોરે ખુલાછો કરૂં

મોહનલાલ—ઠીક ભલે ભલે ભાઈ ગભરાશો નાહ લ્યો એક એક પુછુ આપ કયાંના રહીશ છો

ધનાભાઈ—હુરતની પાછે બારડોલી કછબાના મોતા ગામમાં રેતા છીએ હુ છમજા ?

મોહનલાલ—શી ન્યાત છો ?

ધનાભાઇ—કણુબી ? હેલા પટલીયા કેવાતા છેને તે હું છમજા?

કણબી શબ્દ સાંભળ્યો એટલે આપણા મોહનલાલ તો છડકજ થઇ ગયા. હસવાનું કોણુ જાણે કયાં ખસી ગયુ અને હાય અને હુંકના સુસસકાર નીકળી ગયા.

આવા મઝાનો તાકડો કાંઇ આપણા ભુલાભાઇ ચુકે એવા નહોતા. તરતજ જુવાને ટચકો કર્યો.

ભુલાભાઇ—લ્યો ભાઇ એ તો તમારા જ્ઞાતિ બન્ધુજ છે. કરો ભાઇ સાથે સમાગમ કે ઉધડે આંખ સુરત અને સુરત જીલ્લાના પાટીદાર

બન્ધુઓના કારભાર કેમ ચાલી રહ્યા છે ? કેમ મારા મોહનભાઇ મૌન્ય ધારણ કર્યું. બોલો તો ખરા મારા પાટીદાર સુધારક સમાજના સેક્રેટરી સાહેબ, કેમ આમ સુદ ખાઇ ગયા, પુછો તો ખરા ભાઇને કે તેઓ 'લેઉવા' પાટીદાર છે કે 'કડવા'

મોહનલાલ—ઠીક ભાઇ ઠીક કરો મશ્કરી તમારો વખત છે વારૂ ધનાભાઇ આપ લેઉવા પાટીદાર છો કે કડવા ?

ધનાભાઇ—કોણુ હારો કડતો છે એ કડવાનું તમારે તેં ? હુ છમજ અમે તો છારા માણુહ છીએ ખબરની ઓય—અમારી તો મો.........રી નીયાત છે ને એવુ હારૂ કે બછ આમ બારમાપર બારમા ફડે-લાડુ હેલા ગોર ગોર ? ને મહરા ગઇરા આવતા છે તે ? હારા લાડવા ? હુ છમજ ને વરી હુરતના છપાટા ની હાંભરા ઓય ? તાતો એવું હારૂ આમ-બછ દોહો મરી ગીયો કે ધારી દુપ્પાક ? દોહી મરી મઇ કે મગજ દુપ્પાક ? હું છમજ ? ને વરી એવુ હારૂ કે વઉ પછંદ ની પડી કે હેલા કાગરીયાપર છઇ કરી દેવાની કે ખલાછ. છુટ્ટાછેડા હુ છમજ ? છે તમારે તેં એવું ? ધંદા ઓય તીયારે ?

આ મોટું લાંબુ ને લાંબુ લેક્ચર સાંભળી મોહનલાલ અને ભુલા ભાઇ ખુબ હસ્યા. હસ્તા હસ્તાજ મોહનલાલ બોલ્યા.

મોહનલાલ—ભુલાભાઇ ? આ ગમાર કહે છે શું ?

ભુલાભાઇ—સત્ય કહે છે ભાઇ. અક્ષરે અક્ષર સાચો કહે છે મરણની મુબારકબાદીની મો......રી ન્યાત જમાડે તેનું નામ બડેખાં ? વળી બે ચાર બૈરી બદલે ત્યારે તો સુરતના પાટીદાર ગ્રહસ્થની ગણત્રીમાં આવે ? ભાઇ સુરતની સુરત પપ્પાઓનું પીંજણ તો ઘણું લાંબુ છે વળી આગળ કોઇ વખત નવરાસમાં વાત.

મોહનલાલ—વારૂ ઠીક ભલે! ભુલાભાઇ ? મારા ધારવા પ્રમાણે સુરતના લેઉવા પાટીદાર કરતાં અમદાવાદી કડવા પાટીદાર કાંઇ સુધરેલા ખરા ?

ભુલાભાઇ—તો ! વાહ વાંધો શું બિચારા લેઉવા પાટીદાર બંધુઓએ મરણની ભોજન ક્રીયાનો પ્રચાર બંધ કર્યો ત્યારે આપણા સુધરેલા ભાઇઓએ. દશાના લાડવા અને અગીયારમાના દુધપાક પુરી ઉડાવવા શરૂ કર્યા, કહો કેવા બહાદુર બંદા.

મોહનલાલ—શું કહ્યું ભાઇ. દશા અને અગીયારમા તે વળી શું?

ભુલાભાઈ—એ બાબીએ હું તમને આગળ મુંબઇમાં કોઇ દીવસ ફુરસદે વાત કરીશ. હાલ તો આ બિચારા **ગામડીયા ગમારનો** કોથળો ઉતરાવો નહિ તો મુંબઇ પહોંચતા અડધો થઇ જશે.

મોહનભાઇ—ભલે ભાઇ જેવી આપની મરજી ! ધનાભાઇ આ કોથળો ખોળામાંથી નીચે મુકી દયોને. ખાલી શા માટે ભાર ઉપાડી રહયા છે.

ધનાભાઇ—હું કેતા છેઓ ? કોથરો નીચે મુકું ? હાહરાઓને ખબર ની ઓય કે અંદર જોખમ ભરેલું છે.

મોહનલાલ—એમ બીજાઇ શું જાઓ છો જોખમ હોય તે કાઢી ઓસીકે મુકો. પણ બીજુ સામાન તો નીચે રાખી દયો. ભલા માણસ તમને બેસવુ મુશ્કેલ પડે.

ધનાભાઈ—અં—હં—નીરે ભાઇ હારૂ બધુંજ જોખમ ? કાડુ ને રેવા હું દઉ.

મોહનલાલ—વારૂ એટલુ બધુ ને શું જોખમ આખો કોથળો ભરી ઉપાડી લાવ્યા છો ?

ધનાભાઇ—હું કેમ હારૂ ? જુઓ ગણો ઢેબરા છે ? તરેલા પાપડનો ચુરો છે ? ગોરપાપડી છે ? વરી બેચાર જાતના આંથણા છે હુ છમજા ?

મોહનલાલ—બધુ સમજ્યા મહેરબાની કરી રાખી દયો કોથળો નીચે મુકી દેઓ તમારા એ સામાનનું જોખમ મારે માથે. તમને તમારો કોથળો ચર્નિરોડના સ્ટેશને સહી સલામત સોંપવો પછી છે કાંઇ વાંધો લ્યો આ વચન.

મોહેનલાલે ધનાપટેલને વચન આપ્યું એટલે કોથળો નીચે મુકી પટેલ બત્તી સામે આંગળી કરી બોલી ઉઠયા—

એ ભાવ આ હે......લ્લુ લપક લપક થીવા કરતુ છે તે હુ છે ? હાર કીયારનુ ઉ બેઠો તીયારનુ લપકીયાંજ કરતુ છે ! ભલીભલી જાતના જાનવર જોયા પણ આવું તો હારૂ દીઠેલુજ નઇ ? હુ છમજા ? હારી વીલાતી ચકલી છે કે હું ?

મોહનલાલ અને ભુલાભાઇ ખડખડ હસી પડયા.

વાહ ખુબ કરી ધનાભાઇ આખર કરી ખતમ કરી નાંખી તમારા જેવો પેસેન્જર અમને અમારી જીંદગીમાં મલ્યો નથી. હસાવી હસાવી અમારો જીવ લેવા ધાર્યું છે કે શું છે? ભલા માણસ એતો બત્તી છે બત્તી દીવો.

પટેલ—ઓયની ? ધુમો કંઇ નીકરતો, ગાછલેલના ખડીયામાંથી તો ધુમો નીકરે ધુમો ? હુ છમજા ? આતો હારૂ તમે મને ફગાવતા છેઓ.

મોહનલાલ—ને આતે શુ કાંઇ ગ્યાસલેટનો ખડીયો છે. જે ધુમાડો નીકળે. આતો ઇલેકટ્રીક ! ઇલેકટ્રીક.

પટેલ—ઓય તારી માની એક અસતરી કાકુ ? હારી આની ? વાહરે ભાઇ વાહ ? હાહરી ગાડીવારી છરકાર તેતો કંઇ કંઇ બનાવી લાઇખું દેખુ ? હું છમજા.

એટલામાં વાયુવેગે વહન કરતી પેસેનજર ત્રેન દમણ સ્ટેશન ઉપર આવી ઉભી રહી. ધનાભાઇ ગભરાઇ બોલી ઉઠયા હારૂ આઇયુ કે શુ?


મોહનલાલ—નહિ ભાઇ આતો દમણ છે મુંબઇ તો સવારમાં આવશે હવે સુખેથી સુઇ જાઓ જુવો વખત ઘણો થઇ ગયો છે એમ કહી આપણા મોહનલાલ અને ભુલાભાઇ પોતાના બીસ્તરા ઉપર સુઇ ગયા.

ધનાભાઇ પણ એક બાજુ સુતા સુતા વિચાર કરવા લાગ્યા.

હવારમાં હારૂં મમ્મઇ આવહે આપડે તો વાં રોઇ બંધજ ઉતરહુ? ચાલહુ પણ હુરતી ' એકજ દાડામાં આખા" મમ્મઇને હારાને ઉંધુ વારવુ છે! હારી હવાર કેમની પડતી! હારો પરમેહર પણ ઉંઘો દેહુ—વેલો હવાર પાડતોની? જો હારી અજુ પડી નઇ—

હત તારા પરમેહરની! કંઇની હારો

એમ લવારો કરતા આપણા ધનાભાઇ નિંદ્રાદેવીને આધીન થયા ત્યો સાહેબજી હવે તો મળજો ધનાભાઇને મુંબઇમાં.



ભાગ ૨ થી ૪
તૈયાર મળશે.

દેશી મીત્ર પ્રેસ લીમડાચોક-સુરત.